શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર
SHIKSHAN ANE SAMAJ KALYAN KENDRA

અમરેલી · ગુજરાત
૧૯૮૦થી

# ૨૦૨૫ —૨૬

## વાર્ષિક અહેવાલ
## Annual Report

એક એવું સ્થાન જ્યાં પ્રકૃતી અને જીવન - ગૌરવ, એકતા અને શાંતિ સાથે ખીલે છે.

એ જ વિસ્તારમાં પિસ્તાળીસ વર્ષ.
અમરેલી · ગીર સોમનાથ · રાજકોટ




સીમર, ઉના તાલુકો, ગીર સોમનાથ – માર્ચ ૨૦૨૬. ફાઇબરના ટેકા પર ચઢાવેલાં શાકભાજી; વાંસના બદલે આ ટેકા ચારથી પાંચ મોસમ ટકે છે.

નોંધણી ૧૯૮૦ · GUJ/97/AMRELI

સ્થાપકની કલમેથી

# શીખવા, સંઘર્ષ કરવા અને પરિવર્તન સર્જવાનું વર્ષ



**ધીરજ વાગડીયા**

સ્થાપક નિયામક, SSKK

### પ્રિય મિત્રો, સહયોગીઓ અને શુભેચ્છકો,

વર્ષ ૨૦૨૫-૨૬માં થયેલ કાર્યની યાદોને વાગોળતા હૃદય ગૌરવ અને કૃતજ્ઞતાથી ભરાઇ જાય છે. જેમાં અમારી સાથે જોડાયેલા સમુદાયો, કાર્યકરો, સ્વયંસેવકો, સહયોગી સંસ્થાઓ અને દાતાશ્રીઓએ સાથે મળીને વધુ ન્યાયસંગત, ટકાઉ અને સંવેદનશીલ સમાજના નિર્માણ માટે સતત પ્રયત્નો કર્યા છે.

આ વર્ષ શીખવા, સંઘર્ષ કરવા અને પરિવર્તન સર્જવાનો વર્ષ રહ્યો છે. અમરેલી, ગીર સોમનાથ, રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં ગ્રામ્ય સમુદાયોએ આબોહવા પરિવર્તન, આજીવિકા, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સમાનતા જેવા મુદ્દાઓ સામે એકતાથી કામ કરવાની પ્રેરણાદાયી ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. ટકાઉ ખેતી અપનાવતા ખેડૂતો હોય, આત્મનિર્ભરતા તરફ આગળ વધતી મહિલાઓ હોય કે શિક્ષણ અને વિકાસની નવી તકો મેળવનારા બાળકો – દરેક પહેલમાં લોકોની શક્તિ અને સંકલ્પ સ્પષ્ટપણે દેખાયો છે.

SSKK તરીકે અમારો વિશ્વાસ છે કે સાચો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે લોકોમાં જ્ઞાન, ગૌરવ અને તકોનો વિકાસ થાય. ટકાઉ ખેતી, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ, આરોગ્ય જાગૃતિ, કૌશલ્ય વિકાસ અને બાળ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં અમે સ્થાનિક ક્ષમતાઓને મજબૂત બનાવવા અને લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છીએ.

આ વર્ષ દરમિયાન વિવિધ સમુદાય સંસ્થાઓ, સરકારી વિભાગો, દાતા સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને તળિયાના સ્તરે કાર્યરત સંગઠનો સાથેના સહકારથી અમે અમારા કાર્યનો વ્યાપ અને અસર બંને વધારી શક્યા છીએ. અમારી કામગીરીમાં વિશ્વાસ અને પ્રોત્સાહન આપનાર તમામ સહયોગીઓનો અમે દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.

ગ્રામ્ય સમુદાયો સામેના પડકારો ઝડપથી બદલાઇ રહ્યા છે – આબોહવાની અનિશ્ચિતતા, સ્થળાંતર, આરોગ્યના જોખમો અને સામાજિક-આર્થિક અસમાનતાઓ સામે સામૂહિક પ્રયાસો અને નવીન ઉકેલોની જરૂર છે. એક સંસ્થા તરીકે અમે લોકોની વચ્ચે રહી, તેમની સાથે શીખતા અને સહભાગિતાથી ઉકેલો ઉભા કરવાની અમારી પ્રતિબદ્ધતા યથાવત્ રાખી છે.

હું અમારી સમર્પિત ટીમ, સ્વયંસેવકો, બોર્ડ સભ્યો, ખેડૂતો, મહિલા નેતાઓ, યુવા જૂથો અને સમુદાય સંસ્થાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ વાર્ષિક અહેવાલમાં દર્શાવેલી તમામ સિદ્ધિઓ આપ સૌના સહકાર અને મહેનતનું પરિણામ છે.

ચાલો, વધુ મજબૂત સહયોગ, નવી આશા અને સમાન તથા ટકાઉ સમાજના નિર્માણ માટે વધુ દ્રઢ પ્રતિબદ્ધતા સાથે આગળની સફર ચાલુ રાખીએ.

સાદર,

ધીરજ વાગડીયા

# ૨૦૨૫-૨૬માં ખરેખર શું બદલાયું

## +૫.૭૩ ફૂટ
રાજકોટના પ્રોજેક્ટ ગામોમાં ભૂગર્ભ જળસ્તરમાં સરેરાશ વધારો

ISR પ્રોજેક્ટ MIS, ૧૩૯ ગામ

## ૨૬
ચેકડેમનું નવીનીકરણ – આશરે ૧૦ લાખ ઘનમીટર સંગ્રહક્ષમતા

ISR પ્રોજેક્ટ MIS

## ૨,૮૨૧
આબોહવા-અનુકૂળ ખેતી અપનાવનારા ખેડૂતો, ૧,૭૧૨.૬૩ હેક્ટરમાં

IVCD ઘટક

## ૧,૦૧૬
ઇમિટેશન જ્વેલરી માટે વર્કસ્ટેશન અને ટૂલકિટ મેળવનારી મહિલાઓ

DRIWE ઘટક

## ૧,૮૭૫
ડિજિટલ અને નાણાકીય સાક્ષરતાની તાલીમ પામેલા લોકો

DRIWE ઘટક

## ૨૭૨
છ શિબિરોમાં સ્તન અને ગર્ભાશયના કેન્સરની તપાસ કરાયેલી મહિલાઓ

આશીર્વાદ ફાઉન્ડેશન સાથે, જાન્યુ.-માર્ચ ૨૦૨૬



મોટા ઉમરડા ચેકડેમ, ઓગસ્ટ ૨૦૨૫ – સ્પિલવે કોંક્રીટ થઇ ગયો, મશીન હજુ સાઇટ પર. વર્ષ દરમિયાન આવાં છવ્વીસ માળખાંનું નવીનીકરણ થયું.

# સંસ્થાનો પરિચય

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની સ્થાપના ૧૯૮૦ માં યુવાનો અને સમર્પિત એવા સ્વયંસેવકોના જૂથ દ્વારા તે સમયની પ્રવર્તમાન સ્થિતિ તપાસવા માટે કરવામાં આવી હતી. તે સમયે લોકોનું એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર ચલણમાં હતું કારણ કે ખેતી મુખ્ય વ્યવસાય હતો અને દુષ્કાળને કારણે પાણીની અછત હતી. લોકો અભણ હતા અને તેમની આર્થિક સ્થિતિ નબળી હતી. આમ, સ્થળાંતરને રોકવા માટે આ સંસ્થાની સ્થાપના આજીવિકાના વૈકલ્પિક વિકલ્પો પૂરા પાડવા માટે કરવામાં આવી હતી. સ્થાપનાકાળ થી જ આ સંસ્થા લોકોની સ્થિતિ સુધારવા માટે કામ કરી રહી છે.

### અમારી પાંચ પ્રતિબદ્ધતા

- ખેત ઉત્પાદકતા વધારવી, કૃષિમાં ટકાઉ ખેતી પ્રથાઓને પ્રોત્સાહન આપવું, જમીનની તંદુરસ્તી, જળ વ્યવસ્થાપન, ખેડૂત જૂથ તથા સંગઠન પ્રસ્થાપિત કરી અને મહિલા ભાગીદારી વધારવી.
- પુન: પ્રાપ્ય ઉર્જા, પાણી વ્યવસ્થાપન, જૈવ વિવિધતા પુન: સ્થાપન સાથે પર્યાવરણીય સંરક્ષણ અને આબોહવા માટે અનુકુળ વ્યૂહરચનાઓને પ્રોત્સાહન આપવું.
- મહિલાઓ અને વંચિત જૂથો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને શિક્ષણ , જીવન કૌશલ્ય વિકાસ, આવક નિર્માણ અને આર્થિક સશક્તિકરણ દ્વારા સમુદાયની આજીવિકાને મજબૂત બનાવવી.
- આરોગ્ય સંભાળ સેવાઓની પહોંચ વધારી, આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપી, પોષણ, સ્વચ્છતા, માનસિક સ્વાસ્થ્ય અને રોગ નિવારણ જેવા મુખ્ય આરોગ્ય પડકારોને સંબોધી સામુદાયિક સ્વાસ્થ્યમાં સુધારો કરવો.
- સમાન વિકાસ અને સમુદાય આધારિત ઉકેલોને પ્રોત્સાહન આપવા માટે સંશોધન, નીતિ સંવાદ અને ટકાઉ પ્રથાઓનો પ્રચાર પ્રસાર કરવો.

| | |
|---|---|
| કાનૂની દરજ્જો | સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ અને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ |
| નોંધણી નં. | Guj/97/Amreli & F/57/Amreli, ૨૪ નવેમ્બર ૧૯૮૦ |
| PAN | AACTS5105J |
| 12A મંજૂરી | AACTS5105J25AD01 ૨૧/03/૨૦૨૬<br>AY ૨૦૨૭-૨૮થી ૨૦૩૬-૩૭ સુધી માન્ય |
| 80G મંજૂરી | AACTS5105J25AD02 ૨૧/03/૨૦૨૬<br>AY ૨૦૨૭-૨૮થી ૨૦૩૧-૩૨ સુધી માન્ય |
| FCRA | 041930004, ૬/૯/૨૦૦૦<br>૩૧/૧૨/૨૦૨૬ સુધી નવીકૃત |
| CSR નોંધણી | CSR00006692, ૨૫/૦૫/૨૦૨૧ |
| NGO દર્પણ | GJ/2017/0162266 |
| GuideStar India | GSN 556 |

# ટકાઉ ખેતી



દામજીભાઇ ઠુમ્મર, જૂના રાજપીપળા, ડિસેમ્બર ૨૦૨૫. કમોસમી વરસાદે તેમની મગફળી અડધી કરી નાખી; બાજુમાં વાવેલી તુવેરે મગફળી કરતાં લગભગ બમણી કમાણી આપી.

## મિશ્ર પાકે ખર્ચ અને જોખમ બંને ઘટાડ્યાં

મગફળી સાથે તુવેરના મિશ્ર વાવેતરથી વીઘાદીઠ ખેતી ખર્ચ **₹૬,૧૨૨** ઘટ્યો અને આવક **₹૬,૨૬૨** વધી – તે પણ મોસમદીઠ ૪.૭૨ પિયત ઓછાં કરીને. એક જ ખેતરમાંથી બે પાક એટલે નિષ્ફળ ચોમાસું આખો પાક નહીં, અડધો લઇ જાય.

## ડ્રોનથી છંટકાવ

ડ્રોન દીદી યોજના હેઠળ ૨૫૨.૩૮ હેક્ટરમાં છંટકાવ. છંટકાવદીઠ ૭.૬ કલાક મજૂરી અને ખેડૂતદીઠ ₹૧,૮૩૪ બચ્યા, અને ચોમાસામાં દવા સમયસર પાક પર પહોંચી.

## કેરીનું વાવેતર

૨૬.૧૨ હેક્ટરમાં ૮,૦૦૦ આંબા, **૮૫% જીવિતતા દર** સાથે – અને દસ વર્ષે વૃક્ષ છાંયો આપશે કે નહીં તે આ જ આંકડો નક્કી કરે છે.

## ખેડૂતો જોવા ક્યાં ગયા

શેખપીપરિયા અને ચીતલની LEDP કાર્યક્રમની ૭૧ મહિલાઓ વાડીનાર મલ્ટી સ્કિલ ટ્રેનિંગ સેન્ટર · ચીતલ, જસવંતગઢ અને મોણપુરના ૧૦૦ ખેડૂતો કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીમાં પ્રાકૃતિક ખેતી · સોંદરડીના ૩૦ ખેડૂતો NIC મોડેલ ફાર્મ, જ્યાં તેમની સામે જ ઝડપી કિટથી માટી પરીક્ષણ થયું · ફેબ્રુઆરીમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં IADLE પ્રવાસ · અને સોંદરડી પ્રાથમિક શાળાનાં ૫૦ બાળકો NIC અને પ્રાકૃતિક મોડેલ ફાર્મ.

# સંકલિત કૃષિ વિકાસ અને આજીવિકા વૃદ્ધિ

અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન સાથે, ઉના તાલુકાનાં પાંચ ગામમાં — ખાણ, ખજૂદ્રા, સીમર, દૂધાળા અને ખત્રીવાડા. ૨,૪૮૬ ઘરના સર્વેક્ષણમાંથી ૧,૧૦૩ ખેડૂત પરિવારો પસંદ થયા, જેમની સાથે ત્રણ વર્ષ કામ ચાલશે.

## સામુદાયિક નેતૃત્વ સમિતિઓ

પાંચ સમિતિ રચાઇ, દર મહિને બેઠક – વર્ષભરમાં **૬૦ બેઠકો**. તેમણે જ ૧,૧૦૩ પરિવારો પસંદ કર્યા, કોને શું મળે તે મંજૂર કર્યું અને કામ પર નજર રાખી. ગામ અંગેના નિર્ણય ગામમાં જ.

## જૈવિક ઈનપુટ ઉત્પાદન કેન્દ્રો

**છ કેન્દ્રો, 30 મહિલાઓ સંચાલિત** – કેન્દ્રદીઠ પાંચ. દરેકમાં કાયમી શેડ અને વર્મીકમ્પોસ્ટ યુનિટ. મહિલાઓએ પ્રાકૃતિક ખેતી કોલેજ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલીમાં તાલીમ લીધી. હવે બીજા ખેડૂતો પણ પોતાનું કેન્દ્ર શરૂ કરવા માગે છે.

## જમીન

**3૫૦ ખેડૂતોએ** જિપ્સમનો ઉપયોગ કર્યો – મોટા ભાગના પહેલી વાર – ખેતદીઠ આશરે ૦.૪૦ હેક્ટરમાં. **૨૯૦ ખેડૂતોએ** IPM અને INM અપનાવ્યાં, મુખ્યત્વે કપાસમાં.

## પશુધન

પાંચ પશુ આરોગ્ય શિબિર, **3૨૬ પશુપાલકો**ને સેવા, અને ૪૧ કૃત્રિમ બીજદાન.

## નાળિયેરી

લક્ષ્યાંક હતો ૨૫૦ ખેડૂત અને ૨,૫૦૦ રોપાં. **૧૯૬ ખેડૂતોએ ૪,૯૦૦ રોપાં** વાવ્યાં – લક્ષ્યાંકના ૧૯૬% – બાગાયત વિભાગની ₹૪.૯૦ લાખ સહાય અને સંસ્થાના ₹૬.૧૧ લાખ ટેકા સાથે. જીવિતતા દર ૭૧%, એટલે **3,૪૯૫ છોડ ટકી ગયા**.

## કૂવા પુનર્ભરણ

પિસ્તાળીસ સ્થળ તપાસ્યાં અને યોગ્ય જણાયાં; **૨૨ માળખાં પૂરાં થયાં**. બાકીનાં મુલતવી – સંયુક્ત માલિકી, કઠણ ખડક, ઊભો પાક, અને દરિયાકાંઠે પહેલેથી ઊંચું ભૂગર્ભ જળસ્તર. કારણ નોંધવું જરૂરી છે, કારણ કે ખોટી જગ્યાએ બનેલું માળખું કશું કરતું નથી.

## જ્યાં ધાર્યું ન થયું

ટપક સિંચાઇનો લક્ષ્યાંક ૧૦૦ ખેડૂત હતો; ૭૦ને અંદાજ અપાયા અને **૧૩ને સ્થાપિત થઇ**. ટ્રેલિસનો લક્ષ્યાંક ૧૫૦ હતો; ૧૨૨ને રસ પડ્યો અને **3૨ ખેડૂતોએ ૧૧ હેક્ટરમાં** ઊભું કર્યું. બંનેમાં રસ હતો, પણ સબસિડી પછી પણ ખેડૂતનો ફાળો પોસાય તેવો નહોતો. આવતા વર્ષે આ જ અડચણ ધ્યાનમાં રાખવાની છે.

# કપાસની ખેતી સાથે જોડાયેલા ખેડૂતો

### ૨૦૨૫-૨૬, અમરેલી અને ગીર સોમનાથ

| | | |
|---|---|---|
| પહોંચેલા ખેડૂતો | **૨૨,૨૦૨** | જેમાં ૨,૭૫૨ મહિલા ખેડૂતો |
| કપાસ ઉગાડનારા | **૨૦,૯૫૭** | તેમાંથી ૨૦,૪૯૦ પિયત કરે છે |
| કપાસ હેઠળનો વિસ્તાર | **૩૫,૧૭૦ હે.** | ૪૪,૦૯૮ હે. પિયત · ૧,૫૨૮ હે. બિનપિયત |
| સરેરાશ ઉત્પાદન | **૮૪૧ કિ./એકર** | |
| ગામ | **૧૨૬** | ૭ તાલુકા અને ૨ જિલ્લામાં |
| પ્રોડ્યુસર યુનિટ ક્લસ્ટર | **૫** | ટીંબી, ઢોકડવા, ચીતલ, ખાંભા, લાઠી – ૬૩૮ લર્નિંગ ગ્રૂપ |
| તાલીમ પામેલા ખેતમજૂરો | **૩,૩૦૦** | |
| યોજનાની અરજીઓ | **૩,૦૨૧** | આગલા વર્ષની ૧,૪૯૫ સામે |

## બે પ્રોડ્યુસર કંપનીઓ

આ પ્રથા સામાન્ય બને તે પહેલાં જ સંસ્થાએ બંનેની સ્થાપના કરાવી; આજે તેમના સંચાલનમાં ટેકો આપે છે, ચલાવતી નથી. બંને મળીને **૩,૩૦૨ ખેડૂત શેરધારકો**.

| | **અવિરત એગ્રો** | **સોરઠ એગ્રિકલ્ચર** |
|---|---|---|
| નોંધણી | ૨૦૦૬, ખાંભા | ૨૦૧૬, ગીર ગઢડા |
| ખેડૂત શેરધારકો | ૨,૨૦૬ | ૧,૦૯૬ |
| અધિકૃત મૂડી | ₹૨૭,૦૦,૦૦૦ | ₹૧૦,૦૦,૦૦૦ |
| ભરપાઇ મૂડી | ₹૨૬,૮૦,૧૯૦ | ₹૬,૦૮,૮૦૦ |

બંને પ્રમાણિત બિયારણ, જૈવિક જંતુનાશક અને ખાતરનું વેચાણ કરે છે, અને ખાંભા, ઢોકડવા તથા લાઠી ક્લસ્ટર ટીમ સાથે મળીને સભ્યો માટે આઇ-ખેડૂત અને ઇ-કેવાયસી સેવા ચલાવે છે.

## વર્ષનું કામ શેમાં ગયું

**૬૧૪ માટીના નમૂના** ચકાસાયા. **૧૨૬ ગામોમાં** બાયોચાર અને એટલાં જ ગામોમાં પુનર્જીવિત ખેતીનાં નિદર્શન, મોસમ દરમિયાન ચાર તબક્કે તાલીમ, અને ખેતમજૂરો માટે અલગ તાલીમ. **૧૫ ઇનપુટ સેન્ટર**, **૩૫ ઉદ્યોગસાહસિકો**ને ટેકો, અને **૨૩૩ ગ્રીન ચૂલા**નું વિતરણ.

# પર્યાવરણીય ટકાઉપણું અને આબોહવા સ્થિતિસ્થાપકતા

ગોંડલ, કોટડા સાંગાણી અને જસદણનાં ૧૩૯ ગામોમાં — અનિયમિત વરસાદ, લાંબા સૂકા ગાળા અને હવે વાવાઝોડાં ઝીલતો પ્રદેશ.

**૧૦ લાખ ઘ.મી.**
ઊભી કરેલી જળસંગ્રહ ક્ષમતા
૨૬ નવીનીકૃત ચેકડેમ મારફતે

**૧૨.૪૧ → ૧૬.૦૨**
ખેતદીઠ પિયત વિસ્તાર (વીઘા)
ISR પ્રોજેક્ટ MIS, ૨૦૨૫-૨૬

**૧૯.૭ → ૨૨.૮૨**
વીઘાદીઠ ઉત્પાદન (મણ)
ISR પ્રોજેક્ટ MIS, ૨૦૨૫-૨૬

**+₹૪,૬૬૪**
વીઘાદીઠ ચોખ્ખો નફો
ISR પ્રોજેક્ટ MIS, ૨૦૨૫-૨૬

૪૮.૮૫ હેક્ટરમાં ૩૭ ખેડૂતોને ટપક અને ફુવારા સિંચાઇની સહાય. ૧૪ ગામોમાં ૩૦૬.૪ હેક્ટર જમીન સંરક્ષણ માટે ફાર્મ આઉટલેટ માળખાં.

ક્ષેત્ર સહાયકોએ ખેતરમાં અને ખેતર બહાર જૈવવિવિધતાનું મેપિંગ કર્યું – જીવજંતુ, પક્ષી, પ્રાણી, વૃક્ષ અને કુદરતી સંસાધનો – અને તેનાં પરિણામો આવતા વર્ષના આયોજનમાં વપરાશે.



ગામતળાવમાંથી કાંપ કાઢવાનું કામ, એપ્રિલ ૨૦૨૬. કાંપ ખેતરોમાં જાય છે અને ઊંડું થયેલું તળાવ આવતું ચોમાસું ઝીલે છે. આ રીતે અગિયાર સ્થળે કામ થયું.

## આપત્તિ સામે તૈયારી

ટીમના સભ્યોએ કાર્યવિસ્તારમાં ફોલોઅપ મુલાકાતો કરી, સમુદાયના લોકો અને સંબંધિત વ્યક્તિઓ સાથે બેસીને પરિસ્થિતિની સમીક્ષા કરી, અને વધુ સહાય કે સંકલનની જરૂર છે કે નહીં તે ચકાસ્યું. મોસમ પૂરી થાય એટલે અટકી જવાને બદલે નિરીક્ષણ ચાલુ રહે છે.

# આજીવિકા અને સશક્તિકરણ



શિલ્પાબેન ઘરે. જમીન પર બેસીને નીચા ટેબલ પર થતું આ કામ જ ૧,૦૧૬ વર્કસ્ટેશન અને ટૂલકિટથી બદલવાનું છે.

## મહિલા ઉદ્યોગસાહસિકતા

**૧,૦૧૬ મહિલાઓ**ને ઇમિટેશન જ્વેલરી માટે વર્કસ્ટેશન અને ટૂલકિટ મળ્યાં – જેનાથી ઉત્પાદન વધે છે અને દિવસભરના કામનો કમરનો દુખાવો ઘટે છે. **૬૬૬ પશુપાલકો**ને પાણીની ટાંકી, હેલ્થ કિટ અને ખનિજ મિશ્રણ મળ્યાં.

**૫૦ સ્વસહાય જૂથો**ને પશુપાલન, જ્વેલરી, પશુધન, ડિજિટલ અને નાણાકીય સાક્ષરતાની તાલીમ. **૮૮૭ લોકો**ને આયુષ્માન કાર્ડ અને પેન્શન સહિતની યોજનાઓમાં જોડ્યા.

દેસાઇ ફાઉન્ડેશન ટ્રસ્ટ સાથે "સંગી" પહેલમાં **૨૪ મહિલાઓ** સેનેટરી પેડના વેચાણમાંથી કમાય છે.

## બે દિવસ, જે ઉજવાયા

**રાષ્ટ્રીય મહિલા ખેડૂત દિવસ**, ૧૧ ઓક્ટોબર ૨૦૨૫, અમરેલી કાર્યાલયે – AKRSP(I), NCNF અને FWWB સાથે. ૪૫ મહિલા ખેડૂતો, જીવામૃત, અગ્નિઅસ્ત્ર અને માટી આરોગ્ય પર સત્રો, GNFSU મોડેલ ફાર્મની મુલાકાત, અને મહિલાઓએ બનાવેલી ચીજોનું પ્રદર્શન. **આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૨૬** કાર્યવિસ્તારમાં ઉજવાયો – જાગૃતિ સત્રો અને મહિલાઓના અધિકારો તથા તકો અંગે ચર્ચા.

# આરોગ્ય અને સુખાકારી



ખાંભા સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, ફેબ્રુઆરી ૨૦૨૫. લાઇન એ જ પરિણામ છે – જે મહિલાઓની ક્યારેય તપાસ થઇ નથી તેમને ત્યાં સુધી લાવવી એ જ મોટા ભાગનું કામ છે.

## કેન્સર તપાસ

જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૬ દરમિયાન છ શિબિરોમાં **૨૭૨ મહિલાઓ**ની તપાસ – આશીર્વાદ ફાઉન્ડેશન સાથે, શેખપીપરિયા, કેરિયા, બાબરા અને નાના અંકડિયામાં. તપાસની સાથે સ્વ-પરીક્ષણનું માર્ગદર્શન પણ અપાયું.

## પ્રાથમિક સારવાર

ખેડૂતો અને ખેતમજૂરોને **૧,૦૦૦ પ્રાથમિક સારવાર કિટ**નું વિતરણ.

## આંખની શિબિર

રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ, રાજકોટ સાથે. ઓપરેશનની જરૂરવાળા ખેડૂતોને ત્યાં મોકલવામાં આવ્યા.

## છ શિબિરો

| | | |
|---|---|---|
| ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ | PHC શેખપીપરિયા | ૪૬ |
| ૪ ફેબ્રુઆરી ૨૦૨૬ | PHC કેરિયા | ૮૦ |
| ૧૪ અને ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ | PHC કેરિયા | ૬૪ |
| ૪ માર્ચ ૨૦૨૬ | બાબરા | ૩૦ |
| ૨૫ માર્ચ ૨૦૨૬ | નાના અંકડિયા | ૨૦ |
| ૨૬ માર્ચ ૨૦૨૬ | શેખપીપરિયા | ૩૨ |

# સંશોધન, નીતિ સંવાદ અને જ્ઞાનની વહેંચણી

સંસ્થા હાજર હોય ત્યાં સુધી જ ટકે એવો વિકાસ નબળો છે. આ કાર્યક્રમ એ વિશે છે જે અમારા ગયા પછી પણ રહે.

વર્ષ દરમિયાન ટીમે **૨૩ બહારની તાલીમ, વર્કશોપ અને પરામર્શ**માં ભાગ લીધો – બેંગલોરમાં બેટર કોટનના રિજનરેટિવ એગ્રિકલ્ચર વર્કશોપથી માંડીને મુંબઇમાં SNEHA સાથે જેન્ડર આધારિત હિંસા અંગેના પરામર્શ અને રિલાયન્સ ફાઉન્ડેશનની રૂરલ ટ્રાન્સફોર્મેશન પાર્ટનરશિપ મીટ સુધી.

“૧૬ દિવસની ઝુંબેશ” દરમિયાન **૧૭૨ મહિલાઓ**એ ઘરેલુ હિંસા અધિનિયમ અંગેના કાનૂની માર્ગદર્શન સત્રમાં ભાગ લીધો.

> જે ગણી શકીએ તે વર્ષ સહિત પ્રકાશિત કરીએ છીએ. જ્યાં આંકડો ચકાસાયેલો ન હોય ત્યાં અમે તે કહીએ છીએ.
>
> અમે કેવી રીતે કામ કરીએ – ત્રીજો સિદ્ધાંત



લર્નિંગ એન્ડ ઇનોવેશન વર્કશોપ, અમરેલી, ઓક્ટોબર ૨૦૨૫. સ્ટ્રોમાંથી વાગતી સીટી બને છે, અને પાછળનું વિજ્ઞાન સીટી વાગ્યા પછી સમજાવાય છે.

## અમારે ત્યાં આવેલા વિદ્યાર્થીઓ

વર્ષ દરમિયાન ૩૮ વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટ માટે સંસ્થામાં રહ્યા. તેમાંથી **૨૩ ઇન્સ્ટિટ્યૂટ ઓફ રૂરલ મેનેજમેન્ટ, આણંદ** – IRMA, હવે ત્રિભુવન સહકારી યુનિવર્સિટી – માંથી, અને બાકીના **SPJIMR મુંબઇ**, IMSR માલાડ-કાંદિવલી, નંદકુંવરબા મહિલા આર્ટ્સ કોલેજ ભાવનગર, ઉકાભાઇ ડોડિયા BRS કોલેજ કીડીવાવ અને વી. ડી. કનકિયા આર્ટ્સ કોલેજ સાવરકુંડલામાંથી. તેઓ ખેતી, જેન્ડર અને બાળ અધિકારોનું ક્ષેત્રકાર્ય સમજવા આવ્યા.

## શિક્ષણ અને નવીનતા કાર્યશાળા

બે તબક્કામાં – ૧૭થી ૧૯ ઓક્ટોબર અને ૪થી ૬ નવેમ્બર ૨૦૨૫. ટેકનોલોજી આધારિત શિક્ષણ, સ્વાસ્થ્ય, યોગ, ટીમવર્ક અને ડિઝાઇન થિંકિંગ – રમતો, વાર્તા અને કાગળ-સ્ટ્રોમાંથી વૈજ્ઞાનિક મોડેલ બનાવીને.

# અમને જવાબદાર કોણ રાખે છે

કારોબારી સમિતિ ૨૦૨૫-૨૬માં ચાર વખત મળી – ૧૧ એપ્રિલ ૨૦૨૫, ૧૭ ઓગસ્ટ ૨૦૨૫, ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ અને 31 માર્ચ ૨૦૨૬ – અને પ્રવૃત્તિ અહેવાલ, વાર્ષિક અંદાજપત્ર તથા ઓડિટ થયેલા હિસાબો પર નિર્ણય લીધા. દરેક બેઠક પહેલાં કાર્યસૂચિ અને આગલી બેઠકની કાર્યવાહી દરેક સભ્યને મોકલવામાં આવે છે. બોર્ડ રોટેશન નીતિનું પાલન થયું.

### 31 માર્ચ ૨૦૨૬ના રોજ કારોબારી સમિતિ

| નામ | હોદ્દો | નિપુણતા | બેઠકો |
|---|---|---|---|
| હાર્દિક વાગડિયા | પ્રમુખ | નાણાં અને વહીવટ | 3/૪ |
| પ્રો. જે. એમ. તલાવિયા | ઉપપ્રમુખ | વહીવટ અને વ્યવસાય સંચાલન | ૪/૪ |
| પુષ્પા ગોહિલ | મંત્રી | સંકલન | ૪/૪ |
| ભરત વાળા | સહમંત્રી | શિક્ષણ અને બાળ અધિકાર | ૪/૪ |
| દીપા ચૌહાણ | સભ્ય | કુદરતી સંસાધન વ્યવસ્થાપન | ૪/૪ |
| રેખા મીઠાપરા | સભ્ય | સંચાલન | 3/૪ |
| મૂળજી બગડા | સભ્ય | સિવિલ ઇજનેરી | ૪/૪ |
| બિપિન જોષી | સભ્ય | તાલીમ | 3/૪ |
| નરેન્દ્ર પોંકિયા | સભ્ય | ખેતી | 3/૪ |

### અનુપાલન

SSKK આવકવેરા અધિનિયમ ૧૯૬૧ અને વિદેશી ફાળા (નિયમન) અધિનિયમનું પાલન કરે છે. કારોબારી સમિતિમાં ત્રણ મહિલા અને છ પુરુષ છે. કોઇ સભ્ય એકબીજાના સગા નથી.

# સન્માન અને માન્યતા

## પુરસ્કારો અને મૂલ્યાંકનો, જૂનાથી શરૂ કરીને.

**માનભાઇ ભટ્ટ નાગરિક સન્માન**, ૨૦૨૧ – શિશુવિહાર સંસ્થા, ભાવનગર દ્વારા તેના ૭૫મા વર્ષે, શ્રી ચિત્રકૂટધામ ટ્રસ્ટ, તલગાજરડા સાથે – સુશાસન માટે.

**શ્રેષ્ઠ ક્લીન-ઇન્ડિયા પ્રાદેશિક કેન્દ્ર, પશ્ચિમ ઝોન** – ૨૦૦૩, ૨૦૦૫ અને ૨૦૦૭; યુરોપિયન યુનિયન અને કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના કાર્યક્રમ હેઠળ ક્લીન-અમરેલી કેન્દ્ર માટે.

ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા **અમલીકરણ સંસ્થા તરીકે માન્યતા**, ૨૦૦૯. લીડર્સ ઓફ ટુમોરો એવોર્ડ્સમાં નામાંકન, ૨૦૧૧. પ્રથમ સાથે ASER સર્વેક્ષણ ભાગીદાર, ૨૦૧૨.

ગાઇડસ્ટાર ઇન્ડિયા (GSN 556) દ્વારા મૂલ્યાંકિત અને ક્રેડિબિલિટી એલાયન્સના ધોરણો હેઠળ માન્યતાપ્રાપ્ત.

## અમે શું નોંધ્યું

૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ પ્રકાશિત, સાથે પત્રિકાઓ, માહિતીપત્રો અને પ્રસંગોનાં બેનર. પ્રોડ્યુસર કંપનીઓ માટે હિસાબી ફોર્મેટ અને સંચાલન પ્રક્રિયા લખાઇ, જેથી તેમની પારદર્શિતા અમારા પર આધારિત ન રહે – બંધારણ મુજબ પ્રક્રિયા નોંધ, ફોર્મ અને બેઠકોની કાર્યસૂચિ સાથે.


પુરસ્કાર અર્પણ, ભાવનગર



માનભાઇ ભટ્ટ નાગરિક સન્માન, ૨૦૨૧



ક્લીન-ઇન્ડિયા, પશ્ચિમ ઝોન

જવાબદારી

# ઓડિટ અહેવાલ અને નાણાકીય પત્રકો

આંકડા રૂપિયામાં. ૨૦૨૪-૨૫નો કૉલમ A. B. Kothiya & Co. દ્વારા 30 સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સહી થયેલા ઓડિટમાંથી; ૨૦૨૫-૨૬નો કૉલમ સહી થાય ત્યાં સુધી ડ્રાફ્ટ છે.

## સંક્ષિપ્ત આવક અને ખર્ચ

| ખર્ચ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ | આવક | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ |
|---|---|---|---|---|---|
| વહીવટી ખર્ચ | ૬,૩૬,૬૦૬ | ૩,૬૬,૧૦૪ | દાન | ૫,૮૮,૫૩૦ | ૩,૫૨,૫૨૮ |
| દસ્તાવેજીકરણ | – | – | ગ્રાન્ટ | ૪,૮૫,૫૯,૪૩૦ | ૫,૬૭,૮૮,૭૭૨ |
| વ્યાવસાયિક સેવાઓ | – | ૨૦,૧૦૦ | વ્યાજ | ૧,૯૮,૩૩૯ | ૪,૧૨,૬૬૦ |
| સહાયક સેવાઓ | – | – | અન્ય આવક | ૧૮,૫૦૦ | ૪૭,૩૫૦ |
| પ્રોજેક્ટ ખર્ચ | ૪,૮૬,૧૩,૨૧૧ | ૫,૪૭,૮૭,૧૫૭ | | | |
| ઘસારો | ૫૧,૫૬૩ | ૧,૩૧,૯૦૪ | | | |
| વર્ષની બચત | ૬૩,૪૧૯ | ૨૨,૯૬,૦૪૫ | | | |
| **કુલ** | **૪,૯૩,૬૪,૭૯૯** | **૫,૭૬,૦૧,૩૧૦** | **કુલ** | **૪,૯૩,૬૪,૭૯૯** | **૫,૭૬,૦૧,૩૧૦** |

## સંક્ષિપ્ત સરવૈયું

| જવાબદારીઓ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ | મિલકતો | ૨૦૨૪-૨૫ | ૨૦૨૫-૨૬ |
|---|---|---|---|---|---|
| મૂડી / ટ્રસ્ટ ફંડ | ૩,૯૩,૮૩૬ | ૩,૯૩,૮૩૬ | સ્થિર મિલકતો | ૨,૦૮,૮૫૩ | ૨,૯૯,૬૧૩ |
| બિનજામીની લોન | ૮,૩૪,૬૦૪ | ૪,૧૮,૨૮૧ | ચાલુ મિલકતો | ૧૫,૦૫,૪૬૯ | ૩૧,૧૪,૦૬૭ |
| ચાલુ જવાબદારીઓ | ૧૮,૮૧,૪૯૦ | ૪૫,૨૩,૯૪૯ | લોન અને પેશગી | – | ૪,૯૪,૭૦૭ |
| આવક-ખર્ચ ખાતું | ૭,૨૯,૧૨૫ | ૩૦,૨૨,૨૧૫ | રોકડ અને બેંક | ૨૧,૨૪,૭૩૩ | ૪૪,૪૯,૮૯૫ |
| **કુલ** | **૩૮,૩૯,૦૫૫** | **૮૩,૫૮,૨૮૧** | **કુલ** | **૩૮,૩૯,૦૫૫** | **૮૩,૫૮,૨૮૧** |

ઓડિટર: A. B. Kothiya & Co., ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, અમરેલી.

### પગારની મર્યાદા, ૨૦૨૫-૨૬

સૌથી વધુ વાર્ષિક પગાર **₹૪,૭૪,૨૩૩** · સૌથી ઓછો **₹૧,૬૮,૦૦૦** · સંસ્થાના વડાને **₹૦**.

આભાર

# અમે ભાગીદારીથી કામ કરીએ છીએ, એકલા નહીં

બેટર કોટન · કોટનકનેક્ટ · નાબાર્ડ · રિલાયન્સ ફાઉન્ડેશન · અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન · આગા ખાન રૂરલ સપોર્ટ પ્રોગ્રામ (ઇન્ડિયા) · નેશનલ કોએલિશન ફોર નેચરલ ફાર્મિંગ · ફ્રેન્ડ્સ ઓફ વિમેન્સ વર્લ્ડ બેંકિંગ · દેસાઇ ફાઉન્ડેશન ટ્રસ્ટ · આશીર્વાદ ફાઉન્ડેશન · યુનિસેફ · ઉન્નતિ · સજ્જતા સંઘ · કૃષિ વિજ્ઞાન કેન્દ્ર · આત્મા · જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી · ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી




ટીમનો મોટો ભાગ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી. ક્ષેત્ર સહાયકો, પ્રોડ્યુસર યુનિટ મેનેજરો અને કાર્યક્રમના કર્મચારીઓ – જેમાંના મોટા ભાગના એ જ જિલ્લાઓમાં રહે છે જ્યાં કામ કરે છે.

### નોંધાયેલ અને મુખ્ય કાર્યાલય


૨૬, ઓમનગર-૩, GIDCની પાછળ,
હનુમાનપરા રોડ, અમરેલી ૩૬૫૬૦૧, ગુજરાત
૦૨૭૯૨ ૨૨૩૫૨૫ · info@sskkamreli.org
sskkamreli.org


### ક્ષેત્રીય કાર્યાલયો


IADLE પ્રોજેક્ટ, c/o રામુભાઇ જાદવ, ગંગડા ૩૬૨૫૬૦
ISR પ્રોજેક્ટ, BAPS મંદિર પાસે, ગોંડલ ૩૬૦૩૧૧
JAPCL, કિસાન મોલ પાસે, ટીંબી ૩૬૨૭૩૦
AVIRAT, કુમારશાળા સામે, ખાંભા ૩૬૬૫૫૦
CSC, બસ સ્ટોપ પાસે, ચીતલ ૩૬૫૬૨૦